Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



અનુભવ પ્યાલા પીયો મતવાલા,
ચિન્હી અધ્યાતમ વાસા.
આનન્દઘન ચેતન વ્હૈ ખેલે,
દેખે લોક તમાશા. આશા. ૪

શુદ્ધ સ્વરૂપાનુ ભવરૂપ પ્યાલા હે ભવ્યજીવો અધ્યાત્મ જ્ઞાનવડે તમે પીઓ. આનંદઘનજી મહારાજ કહે છે કે, અનુભવ પ્યાલો પીનાર આત્માનુભવ રસમાં મહાલ છે. જ્યારે જે અજ્ઞાન છે તે લોકો તમાસો દેખે છે.

શ્રી આનંદઘનજી મહારાજ

પુસ્તક : ૮૪ ભાદરવો-આસો આત્મ સંવત ૯૩
સપ્ટે-ઓકટો. વીર સંવત ૨૫૧૩
અંક : ૧૧-૧૨ ૧૯૮૭ વિક્રમ સંવત ૨૦૪૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શતાબ્દી ગીત | મુનિશ્રી પ્રકાશચન્દ્રવિજયજી મ. સા. | ૧૬૧ |
| (૨) | દાનનો મહિમા | — | ૧૬૨ |
| (૩) | સૌન્દર્ય | શ્રી સુશીલ (સંકલન : મહેન્દ્ર શાહ) | ૧૬૭ |
| (૪) | જ્ઞાન પંચમી | સં. નગીનદાસ હરજીવનદાસ શાહ | ૧૬૯ |
| (૫) | યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજ સાહેબ | સંકલન : હીરાલાલ બી. શાહ | ૧૭૧ |
| (૬) | શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. સા. | સંકલન : હીરાલાલ બી. શાહ | ૧૭૩ |
| (૭) | શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની વિવિધ પ્રવૃત્તિઓ | — | ૧૭૪ |
| (૮) | સમાચારો | — | ૧૭૫ |



## શ્રી જૈન આત્માનંદ સભાના નવા આજીવન સભ્યો

| | | |
|---|---|---|
| ૧. | શાહ અનંતરાય નાનચંદભાઈ | ભાવનગર |
| ૨. | શાહ રમણીકલાલ દુર્લભદાસ મોતીવાળા (બુધાભાઈ) | ભાવનગર |
| ૩. | શાહ મનસુખલાલ જગજીવનદાસ | ભાવનગર |
| ૪. | શાહ નટવરલાલ પ્રભુદાસ | ભાવનગર |
| ૫. | શાહ મનીષકુમાર નગીનદાસ (તણસાવાળા) | ભાવનગર |
| ૬. | મહેતા જસવંતરાય ભોગીલાલ | ભાવનગર |
| ૭. | શાહ જસવંતરાય શાન્તિલાલ | ભાવનગર |
| ૮. | શ્રીમતી પુષ્પાવંતી વિનોદરાય શાહ | ભાવનગર |
| ૯. | પારેખ વસંતરાય અમૃતલાલ | ભાવનગર |
| ૧૦. | શ્રીમતી ચારૂલતા ધનવંતરાય શાહ (ટાણાવાળા) | ભાવનગર |
| ૧૧. | શાહ મુકુન્દરાય મનસુખલાલ | ભાવનગર |
| ૧૨. | શ્રીમતી સુભદ્રાબેન હિંમતલાલ શાહ | ભાવનગર |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : કે. જે. દોશી

| | | |
|---|---|---|
| વર્ષ ૮૪ | વિક્રમ સં. ૨૦૪૩ | સપ્ટેમ્બર-ઓકટોબર |
| અંક ૧૧-૧૨ | ભાદરવો-આસો | ૧૯૮૭ |


— મહોપાધ્યાય શ્રી યશોવિજયજી —

## —: ત્રિશતાબ્દી ગીત :—

( રાગ : બહારો ફુલ બરસાવો )

જૈન શાસનનો સીતારો યશોવિજય ગુરૂ મહારાજ
ગુરૂને દેખી મસ્તક ઝુકે વંદન છે વાર હજાર
જૈન શાસન....(૧)

ધર્માનુરાગી શ્રાવકો ગુરૂ પ્રત્યે ભાવ જાગે
શ્રાવકોની ઉત્તમ ભાવના, ભણાવવા કાજે જાગે
ગુરૂ મળો તો આવા મળજો, કરૂ કોટી વંદન વારંવાર
જૈન શાસનનો....(૨)

શુભ દિવસ શુભ ચોઘડીયે, કાશી દેશ પ્રયાણ થાયે
ઉત્તમ કક્ષાનું જ્ઞાન મેળવી, ખંભાતનગરે પધાર્યા
સમક્તિ સડસઠ બોલની સજ્ઝાય જ્ઞાનની જ્યોત પ્રકાશે
જૈન શાસનનો....(૩)

માતા પિતાનું કુળ અજવાળી કનોડા ગામ ઉજવાળે
બાળવયે શાસનને સમર્પિત, જીવનને ધન્ય બનાવે
પંડિત નયવિજયનાશિષ્ય, યશોવિજય નામ દીપાવે
જૈન શાસનનો....(૪)

ત્રિશતાબ્દી ઉજવવાનો, શુભ અવસર આજ મળ્યો
ગુરૂના પ્રકરણવાળી એ તો, અંતર આશીષ જરૂર મળે
પ્રિયંકરસૂરી નિશ્રામાં, તેના ગુણગાન સહુ ગાવે
જૈન શાસનનો....(૫)

રચયિતા : પૂ. મુનિ શ્રી પ્રકાશચંદ્ર વિ. મ. સાહેબ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ સમયદર્શી આચાર્યની સનાતન વાણી ]

# • દાનનો મહિમા

[ આ વર્ષે એ પરમ પૂજ્ય નવયુગ પ્રવર્તક આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ... દીક્ષા શતાબ્દીનું વર્ષ છે અને એ નિમિત્તે સમગ્ર ભારતમાં ઠેર ઠેર જુદા જુદા કાર્યક્રમો થઈ રહ્યા છે. આના અનુસંધાનમાં સમયદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પ્રવચનોનું રૂપાંતર ગુજરાતી ભાષામાં પહેલી જ વાર જાણીતા સાહિત્યકાર શ્રી કુમારપાળ દેસાઈ મુંબઈની શ્રી આત્માનંદ જૈન સભાના અનુરોધથી કરી રહ્યા છે. એ પ્રવચનના અનુવાદના કેટલાક અંશ અહીં અમે પ્રગટ કરીએ છીએ. ]

**મા**ત્ર પેટ ભરવા કે અંગત સ્વાર્થ સાધવા આ મનુષ્ય જીવન સાંપડયું નથી. એમ તો કાગડો અને કૂતરો પણ પોતાનુ પેટ ભરે છે. માનવીને કુશાગ્ર બુદ્ધિ, ભાવનાશીલ હૃદય અને અર્થગંભીર વાણી મળી છે એથી એ બીજાને માટે પોતાને મળેલાં સાધનોનો ત્યાગ કરી શકે છે. માનવીનો ત્યાગ જ એને સાચા અર્થમાં માનવ બનાવે છે અને દેવત્વ પ્રતિ એક સોપાન ઊંચે ચડાવે છે. માનવી માત્ર પોતાનું અને પોતાના પરિવારનું પેટ ભરવાની પ્રવૃત્તિમાં જ ડૂબેલો હોત તો તેની ગણના પશુમાં જ થાત, આથી જ મહાપુરુષોએ માનવીને એનું હૃદય, બુદ્ધિ અને વાણી વધુ ઉન્નત અને વધુ ઉદાત્ત બનાવવાની પ્રેરણા આપી છે. તીર્થંકર જેવા મહાપુરુષો તો મુનિદીક્ષા લેતાં અગાઉ એક વર્ષ સુધી સ્વહસ્તે દાન આપીને જગતના જીવોને ઉદાર બનવાની ભવ્ય પ્રેરણા આપે છે. તેઓ પ્રતિદિન એક કરોડ અને આઠ લાખ સોનામહોરો દાનમાં આપે છે. આનો હિસાબ કરીએ તો તેઓ એક વર્ષમાં ૩૮૮ કરોડ ૮૦ લાખ સોનામહોરોનું દાન આપીને વિશ્વની સમક્ષ ઉત્કૃષ્ટ દાનનું ઉદાહરણ મૂકે છે. વરસાદના પાણીની માફક તીર્થંકરોએ વહેવડાવેલો દાનપ્રવાહ સર્વત્ર પહોંચતો હતો. જમીન ઊંચી હોય કે નીચી, ચોખ્ખી હોય કે ગંદી– પરંતુ વરસાદનું પાણી બધે સરખું જ પડે છે, એ રીતે તીર્થંકર-પ્રદત્ત દાન ઉચ્ચ કે અધમ, અમીર કે ગરીબ બધાં જ લોકો ગ્રહણ કરતાં હતા. જગતમાં દાનની પ્રવૃત્તિ અવિરત ચાલતી રહે તે માટે અને પ્રજાને ઉદાર અને ત્યાગપરાયણ બનાવી શકાય એ હેતુથી તીર્થંકરોએ જાતે દાન આપ્યું છે. ભવ્ય અને અભવ્યનો નિર્ણય કરવામાં પણ આ દાન સહાયક થતું હતું. જે અભવ્ય હોય તે તીર્થંકરના હાથે દાન પામી શકતો નહોતો. આથી ઘણા ધનાઢયો પોતાના જીવનમાં ભવ્યત્વ કે અભવ્યત્વનો નિર્ણય કરવા માટે આવું દાન લેવા દોડી જતાં હતા. ચાતુર્માસિક કર્તવ્યમાં પણ દાનનું વિશેષ મહત્ત્વ છે.

### આવશ્યક કર્તવ્ય

સર્વ માનવી સંગ્રહ કરવા લાગે બીજા કોઈને આવશ્યકતા હોય છતાં આપે નહિ તો આ જગતનો વ્યવહાર ક્ષણભર ચાલી શકે નહિ. એક વ્યક્તિ બીજી વ્યક્તિ કે સંસ્થાને, એક સમાજ કે સંસ્થા બીજા સમાજ કે સંસ્થાને તેમજ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને આપત્તિ, દુઃખ, આફત અને જરૂરિયાતના સમયમાં એ હેતુથી મદદ કરે છે કે એનાથી સમાજની વ્યવસ્થા જળવાય રહે. સમાજની વ્યવસ્થાને ટકાવી રાખવા માટે અથવા સમાજમાં સુખ–શાંતિ જાળવવા માટે દાનની પ્રવૃત્તિ અનિવાર્યપણે ચાલવી જોઇએ. માનો કે કોઇ રાજ્ય કે રાષ્ટ્ર પર આફત આવી હોય અને એને દાન ન મળે તો શું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય ? એ રાષ્ટ્ર ભૂખ અને અન્ય અભાવથી ઉત્તેજિત થઇને ચોરી, લૂંટફાટ, અનીતિ કે એવા બીજા અનિષ્ટોનો આશરો લેશે. આથી ગૃહસ્થને માટે પ્રતિદિન કરવા યોગ્ય છ કર્તવ્યમાં શાસ્ત્રકારોએ દાનને એક આવશ્યક કર્તવ્ય ગણ્યું છે. દાનના સંસ્કારથી વ્યક્તિમાં તો ઉદારતા આવે છે, પરંતુ એની સાથે સાથે એના પરિવાર અને કુળમાં છેક નાનામાં નાનાં બાળક સુધી ઉદારતાના સંસ્કારનું સિંચન થાય છે. કર્તવ્યની દૃષ્ટિએ જોઇએ તો દાન આપનાર કોઇ દુઃખી કે અભાવગ્રસ્તની સુખવૃદ્ધિમાં જ સહાયક થતો નથી, પણ એને આજીવન પોતાના ઓશિંગણ બનાવી લે છે અને સમય આવે દાન લેનારી વ્યક્તિ પણ બીજાને દાન કે સહાયતા આપવા પ્રોત્સાહિત બને છે અથવા તો તે પ્રતિ-દાનના રૂપમાં પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરે છે.

## પોતાનું ધન કયું ?

હકીકતમાં વ્યક્તિ બીજાને આપે છે, એ જ એનું ધન છે. એની આ જ મૂડી પરલોકમાં એની સાથે રહેનારી છે.

ઇન્દોરના શેઠ હુકમીચંદજીને કોઇએ પૂછયું, "આપની સંપત્તિનો કોઈ તાગ મળતો નથી. લોકો તો માત્ર અનુમાન જ કરે છે. કોઇ દસ કરોડ હોવાનું અનુમાન કરે છે તો કોઇ વીસ કરોડનું."

શેઠે હસતાં હસતાં કહ્યું, "મારી પાસે બહુ જ ઓછી સંપત્તિ છે. આંકડા જાણીને તમને આશ્ચર્ય થશે. માત્ર ૨૭,૫૦૦૦૦ !"

પ્રશ્નકર્તાને આમાં વિશ્વાસ બેઠો નહિ તેથી એણે કહ્યું, 'શું કામ અમારી મજાક કરો છો ? તમારો આ શીશમહલ જ માત્ર પચાસ લાખનો હશે. આ ઉપરાંત મીલો અને બીજું બધું તો જુદું.'

શેઠ હુકમીચંદે કહ્યું "તમે સમજ્યા નહિ આજ સુધી આ હાથથી ૨૭ લાખ રૂપિયા અપાયા છે જેનો લાભ અન્યને મળ્યો છે, એ જ મારી મૂડી કહેવાય. કહેવત છે કે—

"दे गया सो ले गया, खा गया सो खो गया।
जोड गया सिर फोट गया, दबा
गया झख मार गया ॥"

સમાજ પાસેથી પ્રાપ્ત થયેલી સંપત્તિ અને સાધનોને સ્વહિત માટે વાપરનાર પુણ્યની મૂડી ખોઇ બેસે છે. ધનની પાછળ આંધળી દોટ લગાવનાર જીવનભર દોડતો જ રહે છે. ન એ પોતે ધનનો ઉપયોગ કરી શકે છે કે ન તો બીજાને આપી શકે છે. આખી જિંદગી સંપત્તિ મેળવવાની લાલસા પાછળ જ દોડયા કરે છે. જે વ્યક્તિ બીજાની મૂડી હજમ કરી જાય છે. એનું જીવન જ વ્યર્થ છે. પરંતુ જે વ્યક્તિ જેટલું પોતાના સમાજને, દેશને અને ધર્મને આપતો ગયો એટલી જ પુણ્યની પૂંજી પોતાની સાથે લઇ જાય છે.

અર્થશાસ્ત્રની દૃષ્ટિએ સંપત્તિનો એક ઠેકાણે ઢગલો થાય અને બીજે ખાડો હોય, તે ખોટું ગણાય. એનાથી રાષ્ટ્રની સંપત્તિ વધતી નથી. આવી સંપત્તિ સતત ફરતી રહેવી જોઈએ. જેમ શરીરને સ્વસ્થ રાખવા માટે લોહીનું ભ્રમણ જરૂરી છે, એ જ રીતે સમાજ શરીરને સુદૃઢ રાખવા માટે ધનનો સંચાર જરૂરી છે. આથી દાન કરવમાં જ ધનનો સદુપયોગ અને સાર્થકતા છે. વિલાસિતા કે વ્યર્થ ખર્ચા કરનાર તો સંપત્તિનો દુરુપયોગ કરે છે. આથી જ નીતિકાર કહે છે–

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति
वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते तस्य तृतीया
गतिर्भवति ॥

ધનની ગતિ ત્રણ પ્રકારની છે. પહેલી ગતિ તે ધનને દાન રૂપે અન્યને આપવામાં આવે. બીજી ગતિ એ ધનના ઉપયોગની છે અને ત્રીજી ગતિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ વિનાશની ગતિ છે. જે ધનનું દાન ન અપાય કે જેનો અંગત ઉપયોગ ન થાય, એની ત્રીજી ગતિ થાય છે. આવું ધન આગમાં બળીને ખાખ થાય કે ચોર, લૂંટારા કે શત્રુઓ ચોરી લે. સરકાર એને કરવેરાના રૂપમાં લઈ લે કે પછી અદાલતના ઝઘડાઓમાં કે ગંભીર બિમારીમાં એ ખર્ચાઇ જાય.

રાજા ભોજના દરબારમાં મહાન કવિઓ બિરાજતા હતા. એક દિવસ એક મધમાખીને એના બંને પગ ઘસતી જોઇને રાજા ભોજે પોતાના એક કવિને પૂછયું, "આ મધમાખી શા માટે પોતાના પગ ઘસતી હશે?" કવિએ શીઘ્ર કવિત્વથી શ્લોક રચીને ઉત્તર આપ્યો,

"एवं भोज। धनंधनं सुविधिना,
नो स चितव्यं कदा।
श्रीकर्णस्य बलस्व विक्रमनृपस्याद्यापि
कीर्त्तिर्यतः॥
येनेदं बहुपाणिपादयुगलं धृष्यन्ति भों
मक्षिकाः।
अस्माकं मधु दानभोगरहितं नष्टं
चिरात्संचितम्॥

"હે ભોજરાજા! મોટા ભાગના ધનનું વિધિપૂર્વક દાન આપવું જોઇએ. એને સંચિત કરવું યોગ્ય નથી. કર્ણ, બલિરાજા અને વિક્રમ-રાજાની કીર્તિ એમના દાનને કારણે અમર છે. આ મધમાખી વારંવાર હાથ-પગ એ માટે ઘસી રહી છે કે એમણે પોતે એમનું મધ ખાધું નથી કે દાન કર્યું નથી. લાંબા સમય સુધી સંચિત કરેલું એનું મધ નષ્ટ થઇ ગયું છે."

એક ભિક્ષુક પણ યાચના કરતી વખતે માર્મિક બોધપાઠ આપે છે. એ એમ કહે છે કે, "મેં પૂર્વજન્મમાં કોઇને દાન આપ્યું નહિ તેથી મારી આવી અધમ યાચકદશા થઈ. હવે જો તમે મને અથવા તો કોઇ યાચક, ગરીબ કે દુઃખીને દાન નહિ આપો તો તમારી પણ મારા જેવી જ દશા થશે."

"दीयतां दीयतां नित्यमदातुः कलभीदशाम्"

## દાનના લાભ

તમને કોઇ પ્રશ્ન કરે કે તમે કંજૂસને ચાહો છો કે ઉદારને? તો તમે તરત જ કહેશો કે અમે કંજૂસનું તો નામ લેવા માગતા નથી. અમને તો દાનવીર ગમે છે. આ કારણે જ જે વ્યક્તિ પોતાની સાધન-સામગ્રી, સંપત્તિ અને શક્તિ બીજાને માટે સમર્પિત કરે છે એ જ ગૌરવાન્વિત હોય છે. પ્રાતઃકાળે એના નામનું સ્મરણ કરવામાં આવે છે. શાસ્ત્રકારો આથી જ પોકારી પોકારીને કહે છે—

"गौरवं प्राप्यते दानान्नतु वित्तस्य चत्रयात्।
स्थितिरुच्चैः पयोदानां पयोधीगामधः
स्थितिः॥"

દાનથી જ ગૌરવની પ્રાપ્તિ થાય છે, ધન-સંચયથી નહિ. વાદળ દાની બનીને જગતને પોતાનું જલ આપે છે. એથી એ આકાશમાં ઊંચે રહે છે અને એનું પાણી મીઠું રહે છે. જે પોતાની પાસેની સંપત્તિનો સંગ્રહ કરીને રાખે છે એવા સમુદ્રનું સ્થાન નીચું છે અને એનું પાણી ખારું રહે છે.

દાનમાં સ્વાર્થત્યાગ હોવાને કારણે એ સુરક્ષા અને વશીકરણનો એક ઉપાય પણ છે.

ઈરાનના રાજા સાઇરસ રોજ સવારે રાજ-ભંડારમાંથી વિશાળ ધનરાશિનું દાન આપતો હતો. એક દિવસ એને ત્યાં અતિથિ તરીકે અતિ ધનાઢ્ય રાજા આવ્યો અને એને આ જોઇને ઘણું માઠું લાગ્યું. એણે કહ્યું, "જો તમે આ જ રીતે દાનમાં ધન આપતા રહેશો તો એક દિવસ આખો ખજાનો ખાલી થઇ જશે. ખરે વખતે તમને કોણ મદદ કરશે?"

સાઈરસે કહ્યું. 'મને પૂર્ણ વિશ્વાસ છે કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારે જેટલા રૂપિયાની જરૂર હશે એટલા રૂપિયા પ્રજા અવશ્ય આપશે. આ વાતનો તમને વિશ્વાસ ન હોય તો કાલે તમને પારખું કરીને બતાવું.'

અતિથિ રાજાએ કહ્યું, "તમે એક લાખ ખર્વ (હજાર કરોડ) રૂપિયા માગો."

બીજે દિવસે રાજાએ ઘોષણા કરી કે આવતી કાલ સુધીમાં મારે એક લાખ ખર્વ રૂપિયાની જરૂર છે. પ્રજાજનોએ તરત જ પોતાની તિજોરી ખાલી કરવા માંડી. પોતાના પ્રિય રાજાને માટે હીરા, મોતી અને અલંકારો આપી દીધા. થોડા દિવસ બાદ આનો હિસાબ કરવામાં આવ્યો તો રકમ એક લાખ ખર્વથી પણ વધુ થઈ ચૂકી હતી.

રાજાએ કહ્યું, "જુઓ, પ્રજાજનોએ મારી માગણી પૂરી કરી દીધી. જો હું રોજ મારી લાખોની આવક ભેગી કરીને જ મૂકી રાખતો હોત તો એના સંચય, રક્ષા અને વ્યયની મને કેટલી બધી ચિંતા થતી હોત? આ દાને મને નિશ્ચિંત કરી દીધો છે." સાઈરસે પોતાને મળેલી સંપત્તિ પણ દાનમાં આપી દીધી.

## પ્રથમ અંગ કેમ?

ધર્મના ચાર અંગોમાં શીલ, તપ અને ભાવમાંથી કોઈને પહેલું સ્થાન આપવાને બદલે દાનને શા માટે પહેલું સ્થાન આપવામાં આવ્યું હશે? એની પાછળ કોઈને કોઈ રહસ્ય તો હશે જ ને? દાનને પ્રથમ સ્થાન આપવાનું કારણ એ છે કે શીલ, તપ અથવા તો ભાવના-ભર્યા આચરણનો લાભ માત્ર આચરણકર્તાને જ મળે છે. જેને શીલ, તપ કે ભાવનું પાલન કર્યું એને જ એની પ્રાપ્તિ થાય છે, જ્યારે દાનનું ફળ લેનાર અને દેનાર બંનેને પ્રત્યક્ષ રીતે પ્રાપ્ત થાય છે. જો કે પરોક્ષ રૂપે શીલ, તપ અને ભાવનું ફળ સમાજ કે કુટુંબને મળે છે, પરંતુ એનુ પ્રત્યક્ષ ફળ એમને મળતું નથી. દાન આપવાથી લેનારનો અભાવ કે ભૂખ મટે છે. એની ઇચ્છા અને આવશ્યકતાની પૂર્તિ થાય છે. એના દુઃખનું નિવારણ થઇને સુખમાં વૃદ્ધિ થાય છે. આપનારને એક પ્રકારના આનંદ, સંતોષ, ઔદાર્ય, ગૌરવ વગેરેની પ્રાપ્તિ થાય છે. જો દાન લેનારને કોઈ લાભ ન થાય તો પછી એ દાન લે છે શા માટે? આથી જ દેવ-લોકમાં જનારાને માટે જૈન શાસ્ત્રમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, "किं वा दच्चा, किं वा भुच्चा, किं वा किच्चा, किं वा समायरित्ता" "મનુષ્ય લોકમાં શું આપીને, શું ભોગવીને, કઈ કરણી કરીને અને કેવું આચરણ કરીને દેવલોકમાં ગયો છે?" આમ અહીં સર્વપ્રથમ દાનની વાત પૂછી છે. આપણું જીવન શીલ, તપ આદિની અપેક્ષાએ દાનથી સક્રિયરૂપે ઉદાર અને વિશાળ બને છે. એમ પણ કહેવાય કે દાન આપવું એ ગૃહસ્થનું મુખ્ય કર્તવ્ય છે. અને શીલનું પાલન કરવું તે સાધુવર્ગનું મુખ્ય કર્તવ્ય છે. આથી જ દાનને ચારેયમાં સર્વ-પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

## હાથનું આભૂષણ

જે વ્યક્તિ શક્તિ હોવા છતાં દાન કરી શકતો નથી. એ સમાજની નજરમાં નિમ્ન કક્ષાનો ગણાય છે. આવા સ્વાર્થી માનવીથી બધા દૂર રહેતા હોય છે અને એના સુખદુઃખમાં પણ સહભાગી થતા નથી.

હકીકતમાં હાથનો સદુપયોગ બીજાને દાન આપવામાં છે બીજાનું ધન છીનવી લેવામાં, ચોરી જવામાં કે પચાવી પાડવામાં નથી. આથી 'हस्तस्य भूषण' दानं' (હાથનું આભૂષણ દાન છે) એમ કહીને દાનથી જ હાથની શોભા દર્શાવી છે, કંકણથી નહિ એમ કહેવાયું છે. સંત તુલસીદાસજીએ કહ્યું, "हाथ दिये कर दान रे।"

બંગાળમાં સતીશચંદ્ર વિદ્યાભૂષણ નામના પ્રસિદ્ધ વિદ્વાન અને સેવાભાવી માનવી થઈ ગયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમની માતાના હૃદયમાં બીજાને દુઃખદર્દના સમયમાં સહાયતા આપવાની ભાવના ખૂબ ભરેલી હતી. આથી જ એમની માતાને પોતાના હાથ કે શરીર પર ઘરેણાં પહેરવા પસંદ નહોતા. એકવાર સતીશચંદ્ર વિદ્યાભૂષણની દાનશીલતાથી પ્રભાવિત થઇ એક વ્યક્તિ એમની માતાના દર્શનની ઇચ્છાથી ઘેર આવી. એમણે સતીશચંદ્રના માતાને સાવ સાદા વસ્ત્રોમાં જોઇને આશ્ચર્યથી પૂછ્યું,

"હું તો એમ માનતો હતો કે આપનો પુત્ર આટલું બધું કમાય છે અને દુઃખી માણસોને આટલું બધું દાન આપે છે તો તમે ખૂબ ઠાઠમાઠથી રહેતા હશો. પરંતુ આપના શરીર પર તો કોઇ અલંકાર નથી, બલ્કે હાથ પર બંગડી પણ પહેરી નથી."

સતીશચંદ્રની માતાએ જવાબ આપ્યો, "બેટા, આ હાથ કે આ શરીર ઘરેણાંથી શોભતા નથી. આ હાથ તો દાનથી શોભે છે. બંગાળના દુષ્કાળના સમયમાં મેં અને મારા સતીશે આ હાથથી ભૂખ્યા અને પીડિતોને યથાશક્તિ રાત-દિવસ જે સહાયતા કરી છે એનો મને સંતોષ અને ગૌરવ છે. એ સમયથી જ મેં નિશ્ચય કર્યો છે કે ગરીબ અથવા પીડિત ભાઇઓ ભૂખે મરે, દુઃખી હોય અને હું ઘરેણાં સજીને ફર્યા કરું એ મહેજે શોભનીય નથી. એ સમયથી જ મેં ઘરેણાંનો ત્યાગ કરી દીધો છે."

હકીકતમાં 'दानेन पाणिर्न तु कंकणेन' (હાથની શોભા દાનથી છે, કંકણથી નહિ) આ આદર્શને એમણે જીવનમાં સાકાર કરી બતાવ્યો.

આથી જ તુલસીદાસજી કહે છે—

"पाणी बाढो नाव में, घर में बाढो दाम ।
दोनों हाथो उलीचिये, यही सयानो काम ॥"

"જો નૌકામાં પાણી ભરાઈ જાય તો નાવિક શું કરે? બંને હાથથી ઉલેચીને બહાર કાઢે. આવી રીતે ઘરમાં પણ સંપત્તિ વધે ત્યારે તેને બંને હાથથી દાન રૂપે બહાર કાઢવી જોઇએ. એમાં જ સંપત્તિની સફળતા અને સાર્થકતા છે."

તમે તમારા જીવનમાં પ્રતિદિન દાન આપવાના નિયમ રાખીને તમારા ધન અને જીવનને સાર્થક બનાવજો.

સ્થળ :- જૈન ભવન, બીકાનેર

તા. ૩૧-૭-૪૮

---

## આદર્શ અને વ્યવહાર

જીવનના ઊંડાણમાં ઊતરી વ્યવહારના આચરણનું મજબૂત રૂપ ગ્રહણ કરે તે આદર્શ. ન તેને દુઃખની ગરમી મૂંઝવી શકે કે સુખની લહેરથી છકી ના જવા દે, ભ્રમ અને પ્રલોભનની ક્ષુદ્ર સીમાઓથી પર આદર્શ હોય છે. ખરેખર આદર્શવાદી તે છે કે જેને સંસારના તોફાની ઝંઝાવાત પણ પોતાના નિર્ધારિત પંથે ચાલતાં વિચલિત ન કરી શકે.

("અમર ભારતી"માંથી સાભાર.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • સૌન્દર્ય

શ્રી સુશીલ સંકલન : મહેન્દ્ર શાહ

સૌંદર્ય સ્ત્રી જાતિને સ્વભાવતઃ વર્યું છે. સ્ત્રોના સૌંદર્યનું વર્ણન કરવામાં કવિઓએ ઉપમા અને અલંકારોનો ખર્ચ કરતાં પાછુ વાળીને જોયું નથી. મહાન યુધ્ધો અને ભયંકર રાજક્રાંતિઓમાં પણ મ્હોટે ભાગે સૌંદર્યવતી સ્ત્રીઓજ નિમિત્તરૂપ બની છે.

પ્રાણીમાત્ર સૌંદર્ય તરફ ખેંચાય છે. એનો અર્થ એ છે કે સૌને સારૂં જ ગમે છે.

પણ સૌદર્ય માત્ર શરીરની ચામડીમાં, ઉજળા વસ્ત્રોમાં કે ઝગઝગાટ મારતાં આભૂષણો-માં જ સમાયું છે એમ માનનાર મોટી ભૂલ કરે છે. એ સૌદર્ય ક્ષણિક છે. ખીલતાની સાથે જ એ કરમાવા લાગે છે. એ કૃત્રિમ છે. એનું અભિમાન અધઃપતન તરફ લઈ જાય છે.

સાચું અને સ્થાયી સૌંદર્ય આત્માની અંદર છે. આત્મા પોતે જ અનંત સૌંદર્યનું ધામ છે. એ પોતે સુંદર છે, એટલે જ જ્યાં જ્યાં સુંદરતા જણાય છે ત્યાં ત્યાં તે આકર્ષાય છે.

કેટલીકવાર વિલાસિતા તેમજ બહારની ટાપટીપને સૌંદર્ય માની લેવામાં આવે છે. મુલાયમ વસ્ત્રો પહેરવાથી મુખ ઉપર પાવડર છાંટવાથી કે હીરા-મોતીના ઘરેણાં પહેરવાથી પોતે બહુ સુંદર દેખાશે એમ કેટલી સ્ત્રીઓ માને છે, આ માન્યતા સાવ ખોટી છે. એ ટાપટીપ એક પ્રકારનો વિલાસ છે. સાદાઇમાં જે શોભા અને ભવ્યતા છે, તે વિલાસથી હણાય છે. ઉછીના માગી લીધેલા નાણાં એ જેમ આપણી પોતાની મિલ્કત નથી તેમ ટાપટીપ કે વિલાસિતા એ સ્વાભાવિક સૌંદર્ય નથી. ઉછીનાં નાણાં કરજના નામથી જ ઓળખાય છે. કરજનો બોજો માણસને કચરી મારે છે. તે જ પ્રમાણે ટાપટીપ કે કૃત્રિમ શૃંગાર, સ્ત્રીના સમય અને દ્રવ્યને પણ વ્યર્થ બનાવી દે છે.

જેનો આત્મા નિર્મળ હોય, જેનું હૃદય સંસ્કારી હોય, જેનું મન અરીસા જેવુ ઉજ્જ-વળ હોય તે અતિ સામાન્ય વસ્ત્રમાં, વગર અલંકારે પણ દીપી નીકળે છે.

પરંતુ આ પ્રકારનું સૌંદર્ય જોવાની દૃષ્ટિ સૌની પાસે નથી હોતી. કન્યા કેવી સુંદર છે? એમ કન્યાની પસંદગીની વખતે જ પૂછાય છે. કન્યા પરણીને સાસરે આવે છે ત્યારે પણ તે કેટલી સુંદર છે એ જોવા આસપાસની સ્ત્રીઓ એકઠી થાય છે. એ બધા આત્માનું સૌંદર્ય જોઈ શકતા નથી, તેઓ તો દેહના રંગ અને બોલવા ચાલવાની ઢબ જોઇને જ પોતાનો અભિપ્રાય બાંધે છે. ગુણની પરીક્ષા થાય તે પહેલાં જ નવવધૂને પોતાના સૌંદર્યની પરીક્ષામાંથી પાસ થવું પડે છે.

એટલા માટે વિવાહિતા કન્યાએ પણ વસ્ત્રની પસંદગી અને પહેરવાની ઢબ વગેરેમાં પૂરૂં લક્ષ આપવું જોઈએ. એમાં કળા ભલે હોય. પણ કૃત્રિમતા ન હોવી જોઇએ. કૃત્રિમતા માણસને છેતરે છે અને એ છેતરપીંડી આખરે ઉઘાડી પડી જાય છે. સાદાઇ સાથે વસ્ત્ર પહેર-વાની અને નમ્રતાપૂર્વક બોલવા-ચાલવાની જો તમે કળા કેળવી હશે તો એથી તમારી આસ-પાસના સગા-સંબંધીઓ અને સ્વજનોમાં પણ તમારી સારી સુવાસ ફેલાશે.

સુંદર દેખાવું તે કરતાં સુંદર બનવું એ વધુ શ્રેષ્ઠ છે.

પોતાના દેહના બાંધાને કે પોતાના શરીરના રંગને કોઇ બદલાવી શકતું નથી. એ વિષે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અભિમાન કરવું કે અફસોસ કરવો એ કેવળ નકામું છે.

કલ્પના કરો કે એક સ્ત્રી ઘણી સુંદર છે. એના શરીરનો રંગ ગૌર છે. એના વિશાળ નયન અને નમણું નાક ચિત્રકાર જુએ તો એક સરસ ચિત્ર તૈયાર કરવા પ્રેરણા મળે. બહારની બધી સૌંદર્ય-સામગ્રી છતાં એ સ્ત્રી જો અવિનયી, ઉદ્ધત, અને સ્વભાવે કર્કશા જેવી હોય તો એ શરીરની સુંદરતા શું કામની? એ પોતાના સગા-સંબંધીઓમાં અળખામણી જ લાગવાની. એટલે જ અમે કહીએ છીએ કે શરીરનું સૌંદર્ય એ કંઈ સર્વસ્વ નથી.

એ જ પ્રમાણે બીજી પણ એક કલ્પના કરો કે એક સ્ત્રી રંગે શ્યામ છે, શરીરનો બાંધો પણ જેવો જોઈએ તેવો નથી છતાં એ વિનયી છે, ઉલ્લાસવતી છે, સેવાભાવી છે અને દુ:ખમાત્રને ઘોળીને પી જવાની શક્તિ ધરાવે છે આવી સ્ત્રી રૂપવતી ન હોવા છતાં સૌ કોઈના આદરને પાત્ર બને છે. તેના તરફ બધા સન્માનની નજરે નિહાળે છે.

તમારા અંત;કરણમાં જો પવિત્રતાનો, સદાચારનો વાસ હશે તો તમે તમારા શરીરના અણુએ અણુમાં એ પવિત્રતા પ્રકાશના કિરણની જેમ પ્રગટી નીકળશે, પણ તમારું અંતઃકરણ જો મલીન હશે તો તમારા સુંદર દેહને એ મલીન બનાવી મૂકશે.

હંમેશા સારા વિચારો કરવા, ધર્મ અને નીતિના સૂત્રો સંભારવાની અને સેવાભાવને ખીલવવો ને એ પરમ સૌંદર્યને પોતાને વિશે આમંત્રણ આપવા બરાબર છે,

શીલ જેવું બીજું સૌંદર્ય નથી, એ સિદ્ધાંતમાં એક અક્ષર પણ ખોટો નથી. સુંદર સ્વભાવ, નિર્મલ ચારિત્ર પાસે દુનિયાનાં કીમતીમાં કીમતી આભૂષણો પણ સાવ નિસ્તેજ લાગે છે શીલના પ્રકાશ પાસે હીરા-મોતી-સુવર્ણનો ઝગઝગાટ સૂર્ય આગળ નાચતા આગીયા જેવો ફીક્કો દેખાય છે.

તમે જો ખરેખર સુંદર બનવા માગતા હો તો તમારે અંતઃકરણને ખૂબ કેળવવું જોઈએ. સ્વચ્છ મન, દેહની મારફતે પોતાનો પ્રભાવ બતાવે છે. ભલે તમે સ્નાન આદિથી શરીરને સાફ રાખો, વસ્ત્રો વગેરેનું ધ્યાન રાખો, **પણ સદ્‌ગુણમાંથી સાચું સૌંદર્ય પ્રગટે છે એ વાત ન ભૂલશો.**

અંતઃકરણના સૌંદર્ય સાથે જો તમે બાહ્ય સૌંદર્યનો સંબંધ જોડી શકશો તો એ સંયુક્ત સૌંદર્ય એક દેવદુર્લભ વસ્તુ બનશે. કેટલીક બહેનો બાહ્ય અલંકારો અર્થે ગાંડી-ઘેલી બને છે, તો વળી કેટલીક બહેનો આરોગ્ય, સ્વચ્છતા, વ્યવસ્થા તરફ બેદરકાર રહે છે. આ બંને દોષો ટાળવાનો પ્રયત્ન કરજો.

એટલે કે અંતઃકરણને હંમેશા સારા વિચારોથી ભરજો અને બીજી તરફ તમારા આચાર, વહેવાર અને રહેણીમાં પણ સ્વચ્છતા અને પવિત્રતા તેમજ વિવેક પગલે, પગલે દેખાય એવો ઉદ્યમ કરજો.

આટલું કરી શકશો તો એક નવવધૂ તરીકે, એક આર્ય સન્નારિ તરીકે તમે સૌનો સારો ચાહ મેળવી શકશો.

ચિ. બહેન, સૌંદર્ય ઉપર શ્રી સુશીલનું ઉપરનું લખાણ તું ફરી ફરી મનન કરજે અને તેમાંથી તારૂં જીવન સુંદર બનાવવા, નવપલ્લવિત બનાવવા, સુગંધિત બનાવવા પ્રયત્નશીલ રહીશ તો પરમકૃપાળુ પરમાત્મા જરૂર તેમાં સહાય કરશે—એ જ વિરમું છું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • જ્ઞાન પંચમી

■ સંગ્રાહક નગીનદાસ હરજીવનદાસ શાહ

(આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયનો લેખ ભારતીય જૈન શ્રવણ સંસ્કૃતિ અને લેખન કળામાંથી સારાભાઈ નવાબ સંપાદિત. — 'જૈન કલ્પતરૂ'માંથી સાભાર.)

**જ્ઞા**નપંચમી પર્વનો આરંભ પુસ્તક લેખનનાં આરંભની સાથે થયો હોય તેમ લાગે છે. આ પર્વની ઉત્પત્તિથી દેવર્દ્ધિગણી શ્રમાશ્રમણ જેવા પ્રૌઢ અને પ્રતિભાસંપન્ન જૈન સ્થવિરોનાં વિશાળ દીર્ઘદર્શીપણાને આભારી છે એમ એ દિવસનાં ઉદ્દેશને ધ્યાનમાં લઇ ખાત્રીપૂર્વક કહી શકાય.

જ્ઞાનભંડારોની રક્ષા માટે જૈન સંસ્કૃતિએ એક ખાસ પર્વની જેનું નામ જ્ઞાનપચંમી કહેવાય છે તેની યોજના કરી છે. એનો અહીં પરિચય આપવામાં આવે છે.

જૈન સંપ્રદાયમાં કાર્તિક શુકલ પંચમીને 'જ્ઞાન પંચમી' તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસનું માહાત્મ્ય દરેક મહીનાની શુકલ પંચમી કરતાં વધારે ગાવામાં આવ્યું છે, એનું કારણ એ છે કે વર્ષાઋતુમાં જ્ઞાનભંડારોમાં પેસી ગયેલી શરદી કે ઘણી ભેજવાળી હવાથી પુસ્તકોને નુકશાન ન પહોંચે અને સાધારણ રીતે પુસ્તકો તમની મૂળ સ્થિતિમાં ચાલુ ટકી રહે એ માટે તમને તાપ દેખાડવો જોઇએ, ચોમાસાની ઋતુમાં જ્ઞાનભંડારોને ભેજવાળી હવા ન લાગે એ માટે બંધ બારણે રાખેલા હોઇ તેની આસપાસ વળેલ ધૂળ કચરાને સાફ કરવો જોઇએ, જેથી ઉધઇ આદિ જીવ-જંતુની ઉત્પત્તિ ન થાય, તદ્ઉપરાંત પુસ્તકમાં જીવાત વગેરે ન પડે એ માટે મૂકેલી ઘોડાવજ વગેરેની પોટલીઓ વર્ષ આખરે નિર્માલ્ય બની ગઇ હોઇ તેને બદલવી જોઇએ, પુસ્તક રાખવાનાં મકાન, દાબડા, કબાટ, પાટી-પાઠાં, બંધન વગેરે ખરાબ થઇ ગયા હોય તેને સુધારવા કે બદલવા જોઈએ. આ માટે સૌથી વધારે અનુકૂળ અને વહેલામાં વહેલો સમય કાર્તિક મહિનો ગણાય, જ્યારે શરદઋતુની પ્રૌઢાવસ્થા હોઈ સૂર્યનો તીખો તાપ હોવા ઉપરાંત ભેજવાળી હવાનો તદ્દન અભાવ હોય છે. વિશાળ જ્ઞાનભંડારોનાં હેરફેરનું શ્રમભર્યું તેમજ ખર્ચાળ કાર્ય સદાય અમુક એકાદ વ્યક્તિને કરવું કંટાળાજનક તેમજ અગવડતાભર્યું થાય તેમ જાણી કુશળ જૈનાચાર્યોએ કાર્તિક શુકલ પંચમીને દિવસે પ્રાપ્ત થતી અપૂર્વ જ્ઞાનભક્તિ અને જ્ઞાનપૂજાનું રહસ્ય, તેનાથી થતા લાભો આદિ સમજાવી એ તિથિને 'જ્ઞાનપંચમી' તરીકે ઓળખાવી એનું માહાત્મ્ય વધારી દીધું અને જૈન પ્રજાને જ્ઞાનભક્તિ-સાહિત્ય સેવાના માર્ગ તરફ દોરી.

જૈન જનતા પણ એ દિવસને માટે પોતાના અપૂર્વ ગૃહ વ્યાપારનો ત્યાગ કરી યથાશક્ય આહાર આદિનો નિયમ, પૌષધવ્રત આદિ સ્વીકારી જ્ઞાનરક્ષાનાં પુણ્ય કાર્યમાં સહાયક થવા લાગી. એટલું જ નહી પણ જ્ઞાન પૂજાને બહાને જ્ઞાનભંડાર અને પુસ્તકને માટે ઉપયોગી એવા સાધનો પણ હાજર થવા લાગ્યા. જે ઉદ્દેશથી ઉક્ત પર્વનુ માહાત્મ્ય વર્ણવવામા આવ્યું છે એને તો આજની જનતાએ પોતાના સ્વભાવ પ્રમાણે અભરાઇ ઉપર મૂક્યું છે; અર્થાત્ જ્ઞાનભંડારો તપાસવા, તેમાંનો કચરો વાળી સાફ કરવો, પુસ્તકોને તડકો દેખાડવો, બગડી કે ચોંટી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયેલા પુસ્તકો સુધારવા, તેમાં જીવાત ન પડે એ માટે મૂકેલી ઘોડાવજ વગેરેની નિર્માલ્ય પોટલીઓ બદલવી, જ્ઞાનભંડાર અને પુસ્તકોને ઉપયોગી સાધનો વગેરે હાજર કરવા, આદિ કશું જ ન કરતાં માત્ર 'સાપ ગયા અને લીસોટા રહ્યા' એ કહેવત મુજબ આજકાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની વસ્તીવાળા ઘણાખરા નાના-મોટાં નગરોમાં થોડાઘણાં જ કામચલાઉ પુસ્તકો હાથ આવ્યા તેને આડંબરથી ચંદરવા પૂંઠિયાની વચમાં ગોઠવી તેનાં અતિ સાધારણ પૂજા સત્કારથી જ માત્ર સંતોષ માનવામાં આવે છે.

જ્ઞાન પંચમી પર્વનાં ઉપરોક્ત મૌલિક રહસ્ય અને તે દિવસના કર્તવ્યને વિસારવાને કારણે આજ સુધીમાં આપણા સંખ્યાબંધ જ્ઞાન-ભંડારો ઉધઈ આદિનાં ભક્ષ્ય બની ચૂકયા છે.

# જીવદયા માટે નાના માણસોનું મોટું કાર્ય

છેલ્લા ૩ વર્ષથી ભયંકર દુષ્કાળની સ્થિતિ પ્રવર્તમાન છે. અબોલ પ્રાણીઓ ઘાસચારા અને પાણી વિના તરફડે છે. ત્યારે આવી કારમી પરિસ્થિતીમાં અમારી સંસ્થાએ શ્રી સાયલા મહાજન પાંજરાપોળ માટે ફંડ એકઠું કરવાનો નિર્ણય કરેલ અને અમારા આ જીવદયાના કાર્યમાં લીંબડી સ્પીનીંગ મીલના કામદાર ભાઈઓએ તથા સ્ટાફના ભાઈઓએ મજુર મહાજન સંઘ, સુરેન્દ્રનગરના સેક્રેટરી શ્રી મધુસુદનભાઈ પંડયાની આગેવાની નીચે સહકાર આપવાનું નક્કી કરેલ તે ખુબ જ પ્રશંનીય છે.

લીંબડી સ્પીનીંગ મીલના કામદાર ભાઈઓ તથા સ્ટાફના ભાઇઓ છેલ્લા છ માસથી શ્રી સાયલા પાંજરાપોળમાં તથા શ્રી લીંબડી પાંજરાપોળમાં દર મહીને પોતાના પગારમાંથી રૂા. ૫/– કાપીને બન્ને મહાજનમાં ગાયોના ઘાસચારા માટે આપે છે અને હજુ પણ દાનની સરવાણી ચાલુ રાખેલ છે.

તદ્ઉપરાંત સુરેન્દ્રનગરની કાંતિ કોટન મીલના કામદાર ભાઇઓ તથા સ્ટાફના ભાઈઓ પણ છેલ્લા છ માસથી પોતાના પગારમાંથી દર મહીને રૂા. ૫/– કાપીને શ્રી વઢવાણ પાંજરા-પોળમાં ગાયોના ઘાસચારા માટે આપે છે.

ઉપરોક્ત મહાન જીવદયાના કાર્યમાં શ્રી મધુસુદનભાઇ પંડયાએ ખુબ જ જહેમત ઉઠાવી છે.

ઉપરોક્ત રીતે જોતા અદના માનવીઓ અવિરત રીતે સતત જીવદયાના કાર્યમાં જે રસ લઇ રહ્યા છે તે ખુબ જ પ્રશંસનીય તથા પ્રેરણાદાયી છે.

તેમજ સુરેન્દ્રનગરના કારખાનાઓના કારીગરભાઇઓ, સ્ટાફના ભાઇઓએ તથા સરકારી કર્મચારી ભાઇઓએ પણ પાંજરાપોળમાં પોતાનો સક્રિય ફાળો આપેલ છે તેઓનું કાર્ય પણ પ્રશંસનીય છે.

અને આવી રીતે સમાજનો પ્રત્યેક વર્ગ જો જીવદયાના કાર્યમાં રસ લે તો આપણે ચોક્કસ આ ભયાનક દુષ્કાળ પાર ઉતરી જઇશુ તેમાં કોઇ શંકાને સ્થાન નથી.

લી. શ્રી જલારામ સદવિચાર પરિવાર
વિજયકુમાર કાંતિલાલ મહેતા
ઉપ–પ્રમુખ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યુગવીર આચાર્યશ્રી
# વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ

સંકલન : **હીરાલાલ બી. શાહ**

વિ. સં. ૧૯૨૭ના ભાઈબીજના દિવસે એમનો જન્મ થયો હતો. તેઓનું વતન, વિદ્યા, કળા, અને સંસ્કારિતાની ભૂમિ વડોદરા શહેર હતું. પિતાનું નામ દીપચંદભાઈ અને માતાનું નામ ઈચ્છાબેન હતું. એમનું નામ છગનલાલ હતું. કુટુંબ ખૂબ ધર્મપરાયણ હતું. તેથી છગનલાલને ધર્મ સંસ્કારનું પાન કરવાનો સુયોગ મળ્યો હતો. દસ-બાર વર્ષની ઉંમરે પિતા અને માતા બન્નેની છત્રછાયા ઝુંટવાઈ ગઈ. છગનલાલને એકલવાયુ ન લાગે તે માટે તેમના બન્ને મોટાભાઈઓ ખૂબ તકેદારી રાખતા હતા. પણ છગનલાલનો જીવ કંઇક જુદી માટીનો હતો. અને ચિત્ત ઘરસંસારનો ત્યાગ કરીને ત્યાગ ધર્મની દીક્ષા લેવા માટેનો હતો. પુણ્ય અવસર આવતાં વિ. સં. ૧૯૪૨માં જૈન સંઘના મહાન પ્રભાવક આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ (શ્રી આત્મારામજી મહારાજ) વડોદરા પધાર્યા. તેમની ધર્મ દેશના છગનલાલના અંતરને સ્પર્શી ગઈ અને ભગવતી દીક્ષા લેવા તત્પર થયા. તેમને સંસારનું બંધન ખપતું નહતું. તેમને વિ. સં. ૧૯૪૩ની સાલમાં રાધનપુરમા શ્રી આત્મારામજી મહારાજ પાસે, મુનિશ્રી હર્ષવિજયજીના શિષ્ય તરીકે, દીક્ષા લીધી. મુનિશ્રી વલ્લભવિજય નામ રાખવામાં આવ્યું. મુનિશ્રી વલ્લભવિજય મહારાજ ગુરૂસેવા અને જ્ઞાન ચારિત્રના આરાધનામાં લાગી ગયા. શ્રી આત્મારામજી મહારાજના તેઓશ્રી ખુબજ પ્રીતિપાત્ર બની ગયા.

ત્રણ ચોમાસા ગુજરાત અને રાજસ્થાનમાં કરીને તેઓ દાદાગુરૂની સાથે પંજાબ ગયા ત્યાં એક ધારા ૧૯ ચોમાસા કરીને પંજાબના શ્રી સંઘની ધર્મશ્રદ્ધાને ખુબ દૃઢ બનાવી. ૧૯ ચોમાસા દાદાગુરૂની સાથે જ કર્યા. અને વિ. સં. ૧૯૫૨ માં શ્રી આત્મારામજી મહારાજનો સ્વર્ગવાસ થતાં, બીજા ચોમાસા બીજા મુનિવરો સાથે કર્યા. દાદાગુરૂજીએ અંત સમયે શ્રી વલ્લભવિજય મહારાજને આદેશ કર્યો હતો કે સમાજના ઉત્કર્ષ માટે ઠેર ઠેર વિદ્યામંદિરો સ્થાપજો અને પંજાબને સંભાળજો! શ્રી વલ્લભવિજયજી મહારાજ પંજાબના શ્રી સંઘની ધર્મશ્રદ્ધાને દૃઢ કરવાના અને વિદ્યા મંદિરોની સ્થાપનાના કાર્યમાં દત્તચિત્ત બની ગયા. પંજાબના શ્રીસંઘમાં બાળકોથી લઈને વૃદ્ધો સુધી સૌ કોઇનાં અંતરમાં ગુરૂ વલ્લભ વસી ગયા. તે તેઓની શ્રી પંજાબના સંઘના ઉત્કર્ષની ઉમદા ભાવના અને પ્રવૃત્તિને જ કારણે છે.

શ્રી સંઘની શક્તિને ટકાવી રાખવા માટે અને સમાજનો ઉત્કર્ષ સાધવા માટે તેઓએ ત્રણ મુદ્દાઓ નક્કી કર્યા હતા :—

૧. જૈન સમાજની ઉગતી પેઢીને દરેક કક્ષાનું વ્યાવહારિક અને સાથે જૈન દર્શનનું ધાર્મિક શિક્ષણ મળતું રહે એવી વ્યવસ્થા કરવી.

૨. શ્રી સંઘ શક્તિને ટકાવી રાખવા માટે જૈન સંઘના બધા ફિરકા વચ્ચે સંપ અને સંગઠનની ભાવનાને પ્રોત્સાહન મળે એવુ વાતાવરણ ઉભું કરવું.

૩. સમાજનો ગરીબ અને મધ્યમ વર્ગ આર્થિક ભીંસમાં પિસાઇ ન જાય એ માટે ઉદ્યોગગૃહ જેવી સંસ્થાઓની સ્થાપના કરવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને તેઓના રહેવા માટે મકાનો બાંધવા માટે, મોટું ભંડોળ એકત્ર કરવું.

તેઓશ્રીનો ઉપદેશ હતો કે સેવા, સંગઠન સ્વાવલંબન, શિક્ષણ અને જૈન સાહિત્યનું પ્રકાશન તથા તેનો પ્રચાર–આ પાંચ બાબતો ઉપર જ જૈન સમાજની ઉન્નતિનો આધાર છે.

પંજાબમાં એકધારાં અમુક વર્ષ સુધી કામ કર્યા પછી તેઓશ્રીએ ગુજરાત તરફ વિહાર કર્યો. ગુજરાતના જૈન સમાજના ઉત્કર્ષ માટે, જૈન સમાજની નવી પેઢી વિદ્યાની દરેક શાખામાં નિપુણતા મેળવે એ માટે વિદ્યાલયો સ્થાપવા અને સમાજના જરૂરિયાતવાળાં ભાઈઓ બહેનોને જરૂર પૂરતી પૂરક સહાય મળતી રહે એ માટે ઉદ્યોગગૃહોની સ્થાપના કરવા માટે, તેઓશ્રીએ પ્રેરણા આપી. આ માટે તેઓશ્રીએ અવિરત પુરૂષાર્થ કર્યો અને આ પુરૂષાર્થને લીધે ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં વિદ્યાર્થીગૃહો સ્થપાયા. સને ૧૯૧૪–૧૫માં, મુંબઈમાં સ્થપાયેલ અને સમય જતા અનેક શાખાઓ રૂપે વિસ્તાર પામેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ પણ તેઓશ્રીની પ્રેરણા અને ભાવનાનું જ ફળ છે. વિ. સં. ૧૯૮૧માં, પંજાબના શ્રીસંઘે લાહોરમાં તેઓશ્રીને આચાર્ય પદવી આપી. અને તેઓશ્રીનું નામ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી રાખવામાં આવ્યું.

સને ૧૯૪૭માં દેશના વિભાજન વખતે તેઓશ્રી ગુજરાનવાલામાં હતા. ગુજરાનવાલા પાકિસ્તાનમાં હતું. જૈન સંઘની ચિંતાનો પાર ન હતો. શ્રીસંઘે હિન્દુસ્થાનમાં આવી જવાની આચાર્યશ્રીને પ્રાર્થના કરી અને તે માટે જરૂરી સગવડ પણ કરી. તેઓશ્રીએ બધા સાધુ–સાધ્વીઓ અને જૈન ભાઈઓ–બહેનોના સ્થળાંતરની પૂરી ગોઠવણ ન થાય ત્યાં સુધી ત્યાંથી ચાલી નીકળવાનો સાફ સાફ ઈન્કાર કર્યો. એ બધાના સ્થળાંતરની ગોઠવણ થઇ ત્યારે જ તેઓશ્રી ભારત આવ્યા. તેઓશ્રીએ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અનેક સ્તવન, સજ્ઝાય, સ્તુતિ અને પૂજાના પુસ્તકો લખીને પ્રગટ કરાવ્યા. વિ. સં. ૨૦૧૦ના ભાદરવા વદી ૧૧ના દિવસે તેઓશ્રીનો સ્વર્ગવાસ થયો.

આ મહાન જૈનાચાર્યનો ૩૩મો સ્વર્ગારોહણ દિન "દીક્ષા શતાબ્દી વર્ષ" ભાદરવા વદી ૧૧ના હોઇ તેઓશ્રીનું પુણ્ય સ્મરણ કરીને, યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબને કોટિ કોટિ વંદના.

## આપણે જ આપણા ચોકીદાર

• તમારું મકાન ભલે ગમે એટલું મજબૂત હોય, એ મકાનની દીવાલો ભલે સોનાની હોય, એના દરવાજા ઉપર ભલે ગમે એવી મજબૂત ચોકી રાખી હોય તોપણ મોત આવીને ઘૂસી જવાનું છે.

○ તમારી પાસે ભલે ગમે એવી રાઈફલ હોય કે મશીનગન હોય, આવી રહેલા મોતને મારવાની કોઇની ય તાકાત નથી.

○ જગતનો મોટામાં મોટો ડોકટર તમારો મિત્ર હોય ને તમને જિવાડી દેવાની જબરી ઝંખના એના મનમાં જાગી હોય તોય એની તાકાત નથી કે એ તમને કાયમ જિવાડનારી ગોળી આપી શકે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય
# શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ

સંકલન : શ્રી હીરાલાલ બી. શાહ

તેઓશ્રીનો જન્મ સને ૧૮૬૮ની સાલમાં સૌરાષ્ટ્રના મહુવા ગામે થયો હતો. તેઓશ્રીના પિતાનું નામ રામચંદભાઇ હતું. માતાનું નામ કમલાબાઇ હતું. તેઓશ્રીનું મૂળ નામ મૂલચંદ હતું. પોતાનું હિત સમજવામાં ગાફેલ રહેલા મૂળચંદે ભણવા તરફ પ્રારંભિક શિક્ષણ તરફ ધ્યાન ન આપ્યું અને ભમવા-રમવામાં મશગૂલ બની આખરે જુગારે અને સટ્ટો સુધી પહોંચ્યો. તેના પિતાની આર્થિક સ્થિતિ સાધારણ હતી. તેને જુગારમાં પૈસા હાર્યા. તેથી તેના પિતાએ આકરો ઠપકો આપ્યો. ઠપકો સાંભળવાથી તેની 'આંખ' ઉઘડી, અને તેનું હૃદય એકદમ જાગ્રત થયું. તેની ખૂલેલી દૃષ્ટિને સંસાર વિષમ અને વિચિત્ર ભાસ્યો અને મોહમય વિહરણથી વિરક્ત થઇને તે કલ્યાણની શોધ માટે ઉત્સુક બન્યો. તે મહુવા ગામમાંથી ભાવનગર શહેરમાં ગયો. મહાત્મા મુનિશ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ સાહેબ પાસે પહોંચ્યો. મહારાજશ્રીનો ઉપદેશ સાંભળીને તેમનાં ચરણોમાં દીક્ષિત થવા તૈયાર થયો. શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ સાહેબે, તેને યોગ્ય સમજીને અને વડીલોની સમ્મતિપૂર્વક સને ૧૮૮૭માં દીક્ષા આપી. મુનિશ્રી ધર્મવિજય નામ રાખવામાં આવ્યું. ચારિત્રનું પરિપાલન, ગુરુભક્તિ નિષ્ઠા અને વિદ્યા ધ્યાનમાં સુયોગ પ્રયત્નશીલપણું આ ત્રણના યોગે તેઓશ્રીનો અભ્યુદય થવા માંડયો. જાડી બુદ્ધિનો માણસ પણ દૃઢ સંકલ્પના બળે પ્રબળ પુરુષાર્થ કરીને લોકમાન્ય ઉત્કર્ષને પ્રાપ્ત કરે છે તેનું ઉદાહરણ તેઓશ્રીએ પોતાની જાતથી રજુ કર્યું છે. જૈન સમાજને ઉન્નત બનાવવાની ભાવના સેવતા તેઓશ્રીને સામાન્ય જનસમૂહમાંથી સુયોગ્ય વિદ્વાનો ઉત્પન્ન કરવાની આકાંક્ષા જાગી.

પૂ. સાધુ મહારાજો બ્રાહ્મણ પંડિતો પાસે જૈનશાસ્ત્રો ભણે. અનેકાન્ત શાસ્ત્રના અર્થો ઉકેલવા માટે એકાન્તવાદના પૂજારીઓ પાસે બેસવું પડે એવી દુઃખદ સ્થિતિ હતી. આવા સમયે સને ૧૯૦૩માં તેઓશ્રીએ કાશીમાં પ્રવેશ કર્યો. જૈનો તરફ સંપૂર્ણ સૂગ ધરાવનારાઓ વચ્ચે, સ્વયંભૂ પ્રેરણા અને શક્તિથી સંસ્કૃત પાઠશાળા સ્થાપન કરી. પૂ. સાધુ-મહારાજો અને જૈન સંતાનોને વિદ્વત્તાના રંગથી રંગવાની તેઓશ્રીએ પહેલ કરી. તે સંસ્થામાંથી અનેક તેજસ્વી જૈન વિદ્વાનો તૈયાર થયાં છે.

તેઓશ્રીએ ઉત્તર હિંદુસ્થાન, મગધ અને બંગાલ જેવા પ્રદેશોમાં વિચરીને હજારો માંસાહારીઓને શુદ્ધાહારી બનાવ્યા છે "આબૂ"ના જિનાલયોમાં પરદેશી યાત્રીઓ બુટ પહેરીને જતા હતા. તે અનુચિત પ્રવૃત્તિને ઉપરિ અધિકારી દ્વારા દૂર કરાવી હતી.

"કાશી"ના મહારાજા સાહેબના પ્રામુખ્યથી સુશોભિત ભારતીય વિખ્યાત વિદ્વાનોની મહાસભામાં તેઓશ્રીને "આચાર્ય" પદવીના ગુરૂ સન્માનથી સમ્માનિત કરવામાં આવ્યા હતા. તેઓશ્રીએ તત્ત્વજ્ઞાનના મહાન ગ્રંથો લખીને પ્રગટ કરાવેલ છે. તેઓશ્રીએ પાશ્ચાત્ય વિદ્વાનો સાથે મહત્ત્વ પૂર્ણ પત્રવ્યવહાર કરીને તે દેશમાં જૈન સાહિત્યનો પ્રચાર કરવા સતત પરિશ્રમ કર્યો છે. તેઓશ્રીએ જનતામાં વિશ્વમૈત્રીનો ઉપદેશ કર્યો છે, અને માનવધર્મનો પ્રચાર કર્યો છે.

સને ૧૯૨૨ની સાલમાં એટલે વિ. સં. ૧૯૭૮ના ભાદરવા શુદિ ૧૪ના દિવસે તેઓશ્રીનો સ્વર્ગવાસ થયો. તેઓશ્રીનું પુણ્ય સ્મરણ કરીને, શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબને કોટિ કોટિ વંદના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની વિવિધ પ્રવૃત્તિઓ

૧. શ્રી આત્માનંદ પ્રકાશ માસિકનું પ્રકાશન.

૨. સાર્વજનિક ફ્રી વાચનાલય.

૩. છાપેલી ધાર્મિક પ્રતો અને ધાર્મિક પુસ્તકો, સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ધાર્મિક પુસ્તકો અને નોવેલો વગેરે અત્યંત ઉપયોગી પુસ્તકોનો સંગ્રહ જેમાં છે તેવી લાઇબ્રેરીનું સંચાલન.

૪. ધાર્મિક પુસ્તકોનું પ્રકાશન અને વેચાણ :- સંવત ૨૦૩૬ થી સંવત ૨૦૪૩ની સાલ સુધીના આઠ વર્ષમાં દશ પુસ્તકો પ્રગટ કરેલ છે.

૫. શ્રી જૈન શ્વે. મૂ સંઘના કોલેજમાં ભણતા જરૂરીયાતવાળા વિદ્યાર્થી ભાઇઓને અપાતી શિષ્યવૃત્તિઓ.

૬. શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી, S S. C. ની પરીક્ષામાં, સંસ્કૃત વિષય લઈને, સંસ્કૃતમાં ઊંચા માર્કસ મેળવનાર વિદ્યાર્થી ભાઇઓ અને બહેનોને અપાતા પારિતોષિક ઇનામો.

૭. ધાર્મિક પુસ્તકનું લેખિત પરીક્ષા લેવાનું આયોજન અને ત્યારબાદ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ભાઈઓ અને બહેનોને સમારંભ યોજીને અપાતા ઈનામો.

૮. વર્ષમાં છ તીર્થયાત્રા અને તીર્થમાં ભણાવાતી પૂજા, આવેલ સભાસદોની સ્વામી ભક્તિ તેમજ ગુરૂભક્તિ કરવામાં આવે છે.

૯ આસો સુદ દશમને દિવસે આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરૂભક્તિ નિમિત્ત સભાના હોલમાં ભણાવાતી પૂજા અને પ્રભાવના કરવાંમાં આવે છે.

૧૦. યથાશક્તિ સાધર્મિક ભક્તિ.

૧૧. નૂતન વર્ષના દિવસે સવારના ૯-૩૦ થી ૧૧-૦૦ સુધી સભાસદોનું સ્નેહ મિલન અને દુધ પાર્ટી.

૧૨. કાર્તિક સુદ પાંચમને દિવસે સભાના હોલમાં કલાત્મક રીતે ગોઠવવામાં આવતા જ્ઞાન અને જ્ઞાનની પૂજા.

૧૩. આ સભાનો ઉપરના હોલનો ઉપયોગ રૂા. ૬૦/- ભેટના લઈને વેવિશાળના શુભ પ્રસંગ માટે, કોઇ પણ પ્રકારના ઠંડા પીણા કે ચા, કોફી, વગેરે ન આપવાની શરતે આપવામાં આવે છે. જૈન સમાજના તમામ ભાઈઓ તેનો લાભ લે છે.

૧૪. આ સભાનો ઉપરનો હોલ પર્યુષણ પર્વ દરમ્યાન સમૂહ પ્રતિક્રમણ તથા સામાયિક કરવા માટે ફ્રી આપવામાં આવે છે.

## આવતો અંક

"આત્માનંદ પ્રકાશ"નો હવે પછીનો અંક તા. ૧૬-૧૨-૮૭ના રોજ પ્રગટ થશે. -તંત્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

**માન્યવર સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,**

૧. સહર્ષ જણાવવાનું કે સંવત ૨૦૪૪ના કારતક વદ ત્રીજ રવીવાર તા. ૯-૧૧-૮૭ રોજ "શેત્રુંજી ડેમ તીર્થ સ્થાને યાત્રા કરવા જવાનું છે. નીચેના સદ્‌ગૃહસ્થો તરફથી સવારે ૯-૦૦ વાગે તથા બપોરે સ્વામીભક્તિ કરાવવામાં આવશે તેમજ દહેરાસરમાં પૂજા ભણાવવામાં આવશે.

૧. શ્રી પ્રેમચંદ માધવજી તથા સ્વ. કુસુમબેન તથા સમજુબેન.
૨. શ્રી નાનાલાલ કુંવરજી તથા અ. સૌ. અનોપબેન નાનાલાલ.
૩. શ્રી મણીલાલ ફુલચંદના ધર્મપત્ની લીલીબેન તથા પુત્ર અશોક મણીલાલ
૪ શ્રી અમૃતલાલ રતીલાલ ભગતભાઇ તથા તેમની ધર્મપત્ની ચંદનબેન અમૃતલાલ.
૫. શ્રી સ્વ. રતીલાલ રામજીભાઈ તથા તેમના ધર્મપત્ની વસંતબેન રતીલાલ.

આપશ્રીને ઉપરોક્ત કાર્યક્રમ મુજબ તા. ૮-૧૧-૮૭ના રવિવારે સવારના ૯-૦૦ વાગે ડેમ તીર્થ ઉપર પધારવા આમંત્રણ છે.

૨. શ્રી ઘોઘા તીર્થ ઉપર સંવત ૨૦૪૪ના માગશર વદી અમાસ રવીવાર તા. ૨૦-૧૨ ૮૭ના રોજ યાત્રા કરવા જવાનું છે. ત્યાં પૂજા ભણાવવામાં આવશે અને નીચેના સદ્‌ગૃહસ્થો તરફથી સવાર અને બપોર સ્વામીભક્તિ કરવામાં આવશે.

૧. શ્રી કાન્તીલાલ લવજીભાઈ તથા સ્વ. પદ્માબેન કાન્તીલાલ.
૨. શ્રી ખીમચંદ પુરૂષોત્તમ બારદાનવાળા તથા અ. સૌ. હરકોરબેન જેરાજ.
૩. શ્રી કુસુમબેન રમણીકલાલ સંઘવી તથા પદ્માબેન રસીકલાલ સંઘવી.
૪. શ્રી રતીલાલ ગોવિંદજી શાહ તથા વસંતબેન રસીકલાલ શાહ.
૫. લક્ષ્મીબેન માણેકચંદ નાણાવટી હ: રમણીકલાલ માણેકચંદ નાણાવટી.

આપશ્રીને તા. ૨૦-૧૨-૮૭ ને રવીવારના રોજ પધારવા આમંત્રણ છે.

**શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.**

**તા. ક.** : આ આમંત્રણ ફક્ત મેમ્બરો માટે જ છે. કોઈ મેમ્બર સાથે ગેસ્ટ હશે તો તેની એક ગેસ્ટની ફી રૂા. ૧૫-૦૦ લેવાનું નક્કી કરેલ છે.

## ભેટ મળેલ છે

શેઠશ્રી કાન્તિલાલ વૃજલાલ દલાલ તરફથી શ્રી જૈન આત્માનંદ સભાને લાકડાના મજબુત અને સારા બે કબાટો ભેટ આવેલ છે. તે બદલ તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે.

## —: સ્થાનિક સભાસદોને વિનંતી :—

નીચેના પુસ્તકો સભામાંથી મળી શકશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી જિનેન્દ્ર દર્શન ચોવીસી | મૂલ્ય | ૮-૦૦ |
| ૨. | પંચપ્રતિક્રમણાદિ સૂત્રો | ,, | ૬-૦૦ |
| ૩. | બે પ્રતિક્રમણાદિ સૂત્ર | ,, | ૩-૦૦ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી શ્રી તારંગા પંચતિર્થીનો બે દિવસનો યાત્રા પ્રવાસ રાખવામાં આવ્યો હતો. તા. ૧૮-૯-૮૭ ને શુક્રવારના રોજ રાત્રીના ૧૨-૩૯ મિનીટે બે લકઝરી બસમાં સભાસદ ભાઇઓ અને બહેનો નીકળીને, સેરીસા, પાનસર, મહુડી, વિજાપુર અને આગલેડ પૂજા, સેવા, દર્શન વગેરે કરીને તા: ૧૯-૯-૮૭ના રોજ રાત્રીના તારંગાજી તીર્થ આવ્યા હતા. ત્યાં તા: ૨૦-૯-૮૭ના રોજ સવારના પૂજા સેવા કરીને રાગરાગણી પૂર્વક પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. બપોરના બે વાગે ત્યાંથી નીકળીને, ઇડર અને હિંમતનગરના દેરાસરોના દર્શન કરીને, રાત્રીના ભાવનગર આવ્યા હતા. સહકાર બદલ આભાર માનવામાં આવે છે.

તારંગા યાત્રા પ્રવાસમાં સંઘ પૂજનનો લાભ લેનાર સભાસદ ભાઈઓના નામ :—

| | |
|---|---|
| (૧) દેશી જમનાદાસ હીરાચંદ | (૭) શેઠ ધનવંતરાય હિરાચંદ |
| (૨) શેઠ ચુનીલાલ પોપટલાલ | (૮) શેઠ નવનીતરાય ચુનીલાલ |
| (૩) શેઠ મોહનલાલ છગનલાલ | (૯) શેઠ રતીલાલ ગીરધર |
| (૪) શેઠ જસવંતરાય મુળચંદ | (૧૦) શ્રીમતી ભાનુબેન જસવંતરાય |
| (૫) શેઠ શાન્તીલાલ લાલચંદ હારીજવાળા | (૧૧) વાંકાણી કાન્તીલાલ હેમરાજ |
| (૬) શેઠ પોપટલાલ રણછોડભાઈ | (૧૨) શેઠ રતીલાલ સાંકરચંદ |

## લેખકોને વિનંતિ

પ. પૂ. મુનિભગવંતો, પૂ. સાધ્વીજી મહારાજો, લેખક ભાઈઓ અને બહેનો તેઓના જૈન દર્શન, જૈન સાહિત્ય, જૈન ઇતિહાસ અને જૈનધર્મના કથાના લેખો મોકલી આપવા વિનંતી છે.

## ઇનામ વિતરણ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી, શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી, ૨૦૪૩ની સાલમાં S S. C. ની પરીક્ષામાં, સંસ્કૃત વિષય લઇને, સંસ્કૃતમાં ૮૦ ટકા ઉપર માર્કસ મેળવનાર વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને કુલ રૂા. ૭૦૨ ના પારિતોષિક ઇનામો આપવામાં આવેલ છે. જેમાં શ્રી ચેતનકુમાર રમણીકલાલ શાહનો નંબર પહેલો છે. જેના માર્કસ સંસ્કૃતમા ૧૦૦ માંથી ૯૧ છે. તેઓને રૂા. ૧૦૧નું પારિતોષિક ઇનામ આપવામાં આવેલ છે તેને અભિનંદન.

## નૂતન વર્ષે ભેટ આપવા લાયક પુસ્તિકા

શ્રી સત્શ્રુત-સેવા સાધના કેન્દ્ર કોબા તરફથી નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છા તરીકે મોંઘા ગ્રીટીંગ કાર્ડઝને બદલે સુવિચાર પ્રેરક પુસ્તિકા મોકલવામાં આવે છે. સંવત ૨૦૪૪, સને ૧૯૮૭-૮૮ માટે "જીવન જાગૃતિ" બે પુસ્તિકા સભાને મળેલ છે તે બદલ તેઓશ્રીનો આભાર માનવામા આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ચંદનબાળા કન્યા શિક્ષણ શિબિર (ક્રમાંક ૨૫)

૧૫ થી ૪૫ વર્ષની બહેનો માટે સંપૂર્ણ સમયની દસ દિવસની નિઃશુલ્ક બિનસાંપ્રદાયિક આ શિબિર પૂ. સાધ્વીશ્રી સૂર્યપ્રભાશ્રીજી તથા વાચનાદાત્રી પૂ. સા. દિવ્યપ્રભાશ્રીજી આદિની પાવન નિશ્રામાં થશે. તેનો પ્રારંભ કાર્તિક સુદ ૩ તા. ૨૫-૧૦-૮૭ના રવિવારે સવારે ૯-૦૦ વાગે. પૂર્ણાહુતિ કાર્તિક સુદ ૧૩ના મંગળવારે તા. ૩-૧૧-૮૭ અને ઇનામીમેળાવડો કાર્તિક વદ ૯ ના તા. ૧૫-૧૧-૮૭ના રવિવારે સવારે થશે. આ શિબિરમાં મુંબઇ તથા મુંબઈ બહારની બહેનો ભાગ લઈ શકે છે. બહારગામની બહેનો શિબિર સ્થળે પોતાનું નામ-સરનામું વહેલી તકે મોકલી આપે. અને તા. ૨૪-૧૦-૮૭ના સાંજે અથવા ૨૫-૧૦-૮૭ના સવારે શિબિર સ્થળે આવી જાય. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલી તકે ફોર્મ ભરીને આપી જવા નમ્ર વિનંતી.

| | |
|---|---|
| ફોર્મ પ્રાપ્તિસ્થાન<br>શિબિરસ્થળ<br>સંપર્કસ્થાન | શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર/ઉપાશ્રય<br>ટેંબી નાકા, જીલ્લો થાણા. પીન નં. ૪૦૦ ૬૦૧.<br>ફોન નં. ૫૯૨૩૮૯ |

વધુ વિગત માટે પૂ. સા. નો શિબિરસ્થળે સંપર્ક સાધવો.

---

**સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,**

સવિનય જણાવવાનું કે સં. ૨૦૪૪ કારતક સુદિ ૧ ને શુક્રવાર તા. ૨૩-૧૦-૮૭ના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળમય પ્રભાતે આ સભાના સ્વ. પ્રમુખશ્રી શેઠશ્રી ગુલાબચંદભાઇ આણંદજી તરફથી પ્રતિવર્ષ કરવામાં આવતી દૂધ પાર્ટીમાં ( ૯-૩૦ થી ૧૧-૦૦ ) આપશ્રીને પધારવા અમારૂં સપ્રેમ આમંત્રણ છે.

કાર્તિક સુદિ પંચમીને મંગળવાર સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવશે તો દર્શન કરવા પધારશોજી.

---

## આત્મકલ્યાણ અર્થે પૂજા ભણાવવામાં આવી

આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરૂભક્તિ નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠ ફતેહચંદ ઝવેરભાઇ શાહના જન્મ તિથિ હોવાથી તેમના પુત્ર ભાઈ હિંમતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે ભાવનગર જૈન આત્માનંદ સભાના લાઇબ્રેરી હોલમાં સં. ૨૦૪૩ના આસો સુદ ૧૦ શુક્રવારના રોજ શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી અને પ્રભાવના કરવામાં આવી હતી.

---

૦ કુદરતનો એ નિયમ આપણે કાયમ યાદ રાખીએ કે કોઇનેય રડાવનારો જીવનમાં કદી હસી શકતો નથી, કોઇનેય દુઃખી કરનારો જીવનમાં કદી સુખી થઇ શકતો નથી અને કોઇનેય મારી નાખનારો શાંતિભર્યું જીવન જીવી શકતો નથી. ('સહકાર દર્શન'માંથી)

For Private And Personal Use Only

# • સમયનો પોકાર

**ઓ ભડવીરો-નરવીરો દાનવીરો જાગો,**
**કવિઓ-લેખકો-ચિત્રકારો કલાકારો જાગો.**

ચારે બાજુના સમાચારો ભયંકર છે. અખબારો દુકાળની ભેંકાર સ્થિતિનું વર્ણન કરતાં થાકતા નથી. આભ ફાટ્યું છે. શેં થીગડું દેવાય? પશુઓ ઘાસ ને પાણી વિના મોતને ભેટી રહ્યા છે. દયાળુ તો શું હવે તો ક્રૂર માણસનાંય કાળજા કંપી ગયા છે. સૈકાઓ પછી આવતાં કાળઝાળ દુકાળની એંધાણી વર્તાઈ રહી છે.

હવે પુષ્પ નહિ તો પુષ્પના પાંખડીથી નહિ ચલે! બગીચાના બગીચા ખડડી દેવા પડશે! ટીપે ટીપે સરોવર ભરવાની વાતો મૂર્ખામી કહેવાશે! દાનવીરો મુશળધાર વરસો! સમયનો પોકાર છે, જગડૂશાહો જાગો! જરા તમારા અમનચમન પર બ્રેક લગાવી દો. તમારા ખર્ચાઓને લગામ નાંખી દો. કરકસર જ નહિ! પેટે પાટા બાંધીને પણ આ સામે ઊભેલાં કાળને સંભાળી લો, **સમય છે ઇતિહાસમાં અમર થઈ** જવાનો!

યુવાનો! જરા મોજશોખ-ટી. વી. સિનેમા નવલકથા - બાગબગીચા - હરવુંફરવું - સુંવાળા સ્પર્શ ને વ્યર્થ વાતોમાંથી બહાર આવો. જરા નજર કરો વાસ્તવિકતા ઉપર. સમયનો પોકાર છે. તમારી શક્તિઓ કામે લગાડો. સૈકાઓ પછી આવતો આ દુર્ગમ દુષ્કાળ છે. હૃદયમાં સેવાની જ્યોત પેટાવો, પહોંચી જાવ તમારા મિત્રોની મંડળી બનાવી. નિરાધારના આંસુ લુછવાં. યુવાનીમાં કાંઇક કરી લીધાનો આનંદ મળશે, જે તમારા જીવનનું ઉમદા ભાતું બની રહેશે. આવતી નવી પેઢીને દીવાદાંડીરૂપ બની રહેશો. વધુમાં પુન્યનું ભાતું તો ખરૂં જ!

**જીવનમાં મળી છે, ચાર દિવસની જુવાની,**
**શણગારી દો એને, અંતે તો ધૂળધાણી.**

કવિઓ ને લેખકો, ચિત્રકારો ને સંગીતકારો હવે તો તમારી કલમથી કરુણા વહાવો. શબ્દોમાં સહાનુભૂતિ પ્રગટાવો, પંક્તિઓમાં પ્રકાશ પાથરો. વાકયોમાં વલવલાટ જગાડો. વાસ્તવિકતાનું દર્શન કરાવો. રંગની પીંછીથી પ્રાણીઓના પોકાર દર્શાવો, જેમાં પાણી અદૃશ્ય હોય ને પાંસળીઓ ગણી શકાય. સંગીતકારો ગળાની બુલંદી જગાડો ને એ સૂતેલા શેઠીયાઓની ઊંઘ ઉડાડી દો દાનનાં ઝરણાં વહેવડાવો. યુવાનોનાં કાળજામાં સેવાના શબ્દો કોતરો. આ તાકાત આપનામાં છે. કલમ તલવારનેય ઝુકાવી શકે છે. **શબ્દો સલ્તનતનેય હચમચાવી શકે છે** સંગીતના સૂરો પથ્થરનેય પીગળાવી શકે છે. તો એ કલમનો કસબ કરુણાનાં ઝરણાં ન વહાવી શકે? શબ્દો શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન કરી શકે તો સૃષ્ટિને જીવતદાન ન આપી શકે? સ્વર માતેલા હાથીને નાથી શકે; તો આ દુષ્કાળના તાંડવને નાથી ન શકે? તો તૈયાર થઇ જાઓ. બસ આ જ આજના સમયનો પોકાર છે.

'હિંસા નિવારણ'માંથી સાભાર ઉધ્ધૃત

તંત્રી. શ્રી કાન્તિલાલ જે. દોશી એમ એ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ. સુતારવાડ. ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક : ૮૪
સને : ૧૯૮૬-૮૭
સંવત : ૨૦૪૩

For Private And Personal Use Only